દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬

વિશ્વના ટોચના ૫૦૦ શહેરોમાં ભારતના ૨૩ શહેર પણ આર્થિક વિકાસની સાથે જીવનની ગુણવત્તા, પર્યાવરણ અને માનવ ગરીમા જરૂરી છે

ઓક્સફોર્ડ ઇકોનોમિક્સ ગ્લોબલ સિટીઝ ઇન્ડેક્સ અને ભારતીય શહેરોનું ભવિષ્ય

તાજેતરમાં પ્રકાશિત થયેલા ઓક્સફોર્ડ ઇકોનોમિક્સ ગ્લોબલ સિટીઝ ઇન્ડેક્સના અહેવાલે ભારતીય અર્થતંત્ર અને શહેરીકરણના ક્ષેત્રે એક નવો આશાવાદ જગાવ્યો છે. આ વૈશ્વિક અહેવાલમાં વિશ્વના ટોચના ૧૦૦ શહેરોમાં ભારતના શહેરોનો સમાવેશ તો થયો જ છે, સાથે સાથે એ વાત પણ સ્પષ્ટ થઈ છે કે આગામી દાયકાઓમાં ભારત વૈશ્વિક આર્થિક કેન્દ્ર તરીકે ઉભરી આવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. વિશ્વના ૧,૦૦૦ શહેરોની આ વૈશ્વિક યાદીમાં ભારતનાં ૨૩ શહેરો સ્થાન પામ્યાં છે, જેમાંથી ૨૩ શહેરો તો ટોચની ૫૦૦ શહેરોની યાદીમાં ગર્વભેર સામેલ છે.

વૈશ્વિક સ્તરે 'ઉભરતા શહેરો'ની શ્રેણીમાં વર્ગીકૃત કરાયેલા પાંચ મુખ્ય શહેરોમાંથી ચાર શહેરો એકલા ભારતના છે, જે આપણા માટે ગર્વની ક્ષણ છે. દિલ્હી વિશ્વના સૌથી મોટા શહેરી અર્થતંત્ર તરીકે ઉભરી શકે તેવી ક્ષમતા ધરાવે છે. અનુમાન મુજબ, ૨૦૫૦ સુધીમાં દિલ્હીની આર્થિક ક્ષમતા ૨ ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. જોકે, આ આર્થિક વિકાસની સાથે જીવનની ગુણવત્તા, પર્યાવરણ અને માનવ ગરિમા જેવા મુદ્દાઓ પર પણ ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂર છે, કારણ કે આ યાદીમાં દિલ્હી ૨૫૦ શહેરોમાં સ્થાન પામ્યું છે પરંતુ જીવનની ગુણવત્તાના માપદંડમાં તે પાછળ છે.

અહેવાલ અનુસાર, વૈશ્વિક સ્તરે ટોચની ૨૦ શહેરોની યાદીમાં ભારતનું એકપણ શહેર સ્થાન મેળવી શક્યું નથી, જે દર્શાવે છે કે આપણે હજુ ઘણું લાંબું અંતર કાપવાનું બાકી છે.

ગુજરાત અને અન્ય રાજ્યોનું પ્રદાન

આ વિકાસયાત્રામાં ગુજરાત અને દક્ષિણ તેમજ ઉત્તર ભારતના રાજ્યોનું યોગદાન અત્યંત નોંધપાત્ર છે. ગુજરાતમાંથી પાંચ શહેરો - રાજકોટ, ભાવનગર, સુરત, અમદાવાદ અને વડોદરા - આ યાદીમાં સ્થાન પામ્યાં છે. આ શહેરોની આર્થિક વૃદ્ધિ દર અને માથાદ્રષ્ટિ આવકમાં નોંધપાત્ર

વધારો જોવા મળી રહ્યો છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ અને કર્ણાટક જેવા રાજ્યો પણ શહેરી વિકાસના નવા આયામો સર કરી રહ્યા છે.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, ભારતીય શહેરોનું અર્થતંત્ર ટેકનોલોજી, નાણાકીય અને વ્યવસાયિક સેવાઓ જેવા ક્ષેત્રો તરફ ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. બેંગલુરુ ટેકનિકલ હબ તરીકે અગ્રેસર છે, જ્યારે દિલ્હી અને મુંબઈ ઉત્પાદન અને જીડીપી ક્ષેત્રે આગળ છે. જોકે, આર્થિક પ્રગતિની સાથે સાંસ્કૃતિક રાજધાનીઓ અને ટુરિઝમ શહેરોની સ્થિતિ અંગે પણ ચિંતન કરવું અનિવાર્ય છે. વૈશ્વિક સાંસ્કૃતિક શહેરોની યાદીમાં ભારતના શહેરોનો સમાવેશ ન થવો એ બાબત દર્શાવે છે કે આપણે માત્ર આર્થિક જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને જીવનધોરણના માપદંડો પર પણ સખત મહેનત કરવી પડશે.

માનવ રાજધાનીના રેન્કિંગમાં દિલ્હીનું નીચે જવું અને પર્વતીય તેમજ પર્યાવરણીય ક્ષેત્રોની સ્થિતિ ચિંતાજનક છે. હરિદ્વાર, ઋષિકેશ અને રૂડકી જેવા ધાર્મિક અને પર્વતીય શહેરોની યાદીમાં સ્થિતિ સૂચવે છે કે પર્યાવરણની સુરક્ષા સાથે વિકાસ કરવો અનિવાર્ય છે.

આગામી દાયકાઓમાં ભારતની નગરીઓ વૈશ્વિક અર્થતંત્રને નવી દિશા આપશે તે ચોક્કસ છે, પરંતુ તેના માટે આયોજનબદ્ધ નીતિઓ, મજબૂત આર એન્ડ ડી અને ટેકનોલોજી આધારિત વિકાસ ખૂબ જરૂરી છે.

ભારતની નગરીઓનો આ ઉદય માત્ર આંકડાકીય નથી, પરંતુ તે દેશના અદમ્ય ઉત્સાહ અને આર્થિક સ્વાવલંબનનું પ્રતીક છે. જો આપણે શહેરી આયોજન, પર્યાવરણ સંરક્ષણ અને નાગરિક સુવિધાઓ વચ્ચે યોગ્ય સંતુલન જાળવી શકીશું, તો આગામી સમયમાં આપણા શહેરો માત્ર દેશનું જ નહીં પરંતુ સમગ્ર વિશ્વનું ભાવિ નક્કી કરશે. આ માટે સરકાર, ઉદ્યોગ જગત અને નાગરિકો સૌએ મળીને સંયુક્ત પ્રયાસો કરવા પડશે તે નક્કી છે.

રશિયન તેલ પર અમેરિકન દબાણ: ભારતની અર્થવ્યવસ્થા, મોંઘવારી અને ઊર્જા સુરક્ષા સામે નવા પડકારો

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

ભારત માટે રશિયન તેલનો મુદ્દો માત્ર વિદેશ નીતિ સાથે જોડાયેલો નથી, પરંતુ દેશની આર્થિક સ્થિરતા સાથે પણ સીધો સંબંધ ધરાવે છે. ભારત વિશ્વના મોટા ક્રૂડ તેલ આયાતકાર દેશોમાંનું એક છે

અમેરિકા દ્વારા રશિયા પાસેથી તેલ અને કુદરતી ગૅસ ખરીદતા દેશો પર ૧૦૦ ટકા સુધીની વધારાની આયાત જકાત (ટેરિફ) લાદવાની સંભવિત સત્તા વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે મહત્વપૂર્ણ બની રહેશે. અમેરિકન પ્રતિનિધિ સભાએ પસાર કરેલા સંબંધિત બિલનો હેતુ રશિયા પર આર્થિક દબાણ વધારવાનો છે. જોકે, આ બિલ પસાર થતાં જ ભારત અથવા ચીન પર ૧૦૦ ટકા જકાત લાગુ થઈ ગઈ છે એવું માનવું યોગ્ય નથી. મુખ્ય પ્રશ્ન એ છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ આ સત્તાનો ઉપયોગ કેવી રીતે કરે છે અને તેના પરિણામે વૈશ્વિક વેપાર તથા ઊર્જા બજારમાં શું ફેરફાર થાય છે. ભારત માટે રશિયન તેલનો મુદ્દો માત્ર વિદેશ નીતિ સાથે જોડાયેલો નથી, પરંતુ દેશની આર્થિક સ્થિરતા સાથે પણ સીધો સંબંધ ધરાવે છે. ભારત વિશ્વના મોટા ક્રૂડ તેલ આયાતકાર દેશોમાંનું એક છે. દેશની પરિવહન વ્યવસ્થા, ઔદ્યોગિક ઉત્પાદન, વીજળી, પેટ્રોકેમિકલ ઉદ્યોગ અને રોજિંદી આર્થિક પ્રવૃત્તિઓ માટે પેટ્રોલિયમ ઉત્પાદનોનું મહત્વ ઘણું છે. તેથી, ક્રૂડ તેલની કિંમતમાં વધારો થાય તો તેની અસર માત્ર પેટ્રોલ-ડીઝલના ભાવ સુધી મર્યાદિત રહેતી નથી; પરિવહન ખર્ચ, ઉત્પાદન ખર્ચ અને સામાન્ય ચીજવસ્તુઓના ભાવ પર પણ અસર થઈ શકે છે.

યુક્રેન યુદ્ધ પછી પશ્ચિમી દેશોએ રશિયન તેલ પર પ્રતિબંધો અને ભાવ મર્યાદા જેવી વ્યવસ્થાઓ લાગુ કરી હતી. આ પરિસ્થિતિમાં ભારતીય રિફાઈનરીઓએ રશિયન ક્રૂડની ખરીદી વધારી હતી. રશિયન તેલની ઉપલબ્ધતા, કિંમત અને રિફાઈનરીની તકનીકી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ ખરીદી ભારતીય ઊર્જા વ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ બની હતી. જો અમેરિકન દબાણને કારણે ભારતને રશિયન તેલની ખરીદી ઘટાડવી પડે, તો અન્ય દેશોમાંથી તેલ મેળવવાની જરૂરિયાત ઊભી થઈ શકે છે. અહીં સૌથી મોટો આર્થિક પ્રશ્ન તેલની કિંમત અને પુરવઠાની સ્થિરતાનો છે. મધ્યપૂર્વ, અમેરિકા, આફ્રિકા અને અન્ય પ્રદેશોમાંથી ભારત તેલ ખરીદી શકે છે, પરંતુ દરેક પ્રકારનું ક્રૂડ દરેક રિફાઈનરી માટે સમાન રીતે યોગ્ય હોય તે જરૂરી નથી. નવા પુરવઠાકર્તા સાથે લાંબા અંતરના પરિવહન, વીમા, ચુકવણી વ્યવસ્થા અને રિફાઈનરીમાં જરૂરી ફેરફારોનો ખર્ચ વધી શકે છે. પરિણામે, સસ્તા રશિયન તેલના વિકલ્પ તરીકે મળતું તેલ વધુ મોંઘું પડે તો ભારતની આયાત કિંમત વધી શકે છે. આ પરિસ્થિતિની અસર ભારતના ચલણી ખાતા અને વિદેશી ચલણના ભંડાર પર પણ થઈ શકે છે. ભારત વધારે કિંમતે ક્રૂડ તેલ આયાત કરે તો દેશની કુલ આયાત કિંમત વધશે. જો નિકાસમાં એવો જ વધારો ન થાય, તો વેપાર ખાધ વધી શકે છે. વધુ ડૉલરની માંગ ઊભી થવાથી ભારતીય રૂપિયો વધારે ગગડી શકે છે. જોકે, વાસ્તવિક અસર વૈશ્વિક તેલના ભાવ, ભારતની આયાત નીતિ, નિકાસ આવક અને વૈશ્વિક નાણાકીય પરિસ્થિતિ પર આધારિત રહેશે. અમેરિકન ટેરિફનો બીજો મહત્વપૂર્ણ પ્રભાવ ભારતના નિકાસ ક્ષેત્ર પર પડી શકે છે. જો અમેરિકન રાષ્ટ્રપતિ રશિયન તેલ ખરીદવાના કારણે ભારતીય ઉત્પાદનો પર વધારાની જકાત લાદે, તો અમેરિકન બજારમાં ભારતીય માલસામાન મોંઘો બની શકે છે. કાપડ, રત્ન-આભૂષણ, એન્જિનિયરિંગ ઉત્પાદનો, રસાયણો અને અન્ય ક્ષેત્રોમાં ભારતીય નિકાસકારોની સ્પર્ધાત્મકતા ઘટી શકે છે. તેની અસર ઓર્ડર, ઉત્પાદન, નફાકારકતા અને રોજગાર પર પડી શકે છે. જોકે, જકાતનો સંપૂર્ણ ભાર નિકાસકાર, આયાતકાર કે ગ્રાહકમાંથી કોણ વહન કરશે તે બજારની પરિસ્થિતિ પર નિર્ભર રહેશે. ભારતનો ટેક્સટાઈલ ઉદ્યોગ પહેલેથી જ પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે પડકારનો સામનો કરી રહ્યો છે. અમેરિકા ભારતના ટેક્સટાઈલ અને એપરલ ઉત્પાદનોનું સૌથી મોટું બજાર છે ત્યારે અમેરિકાનું સંભવિત ટેરિફ ઉદ્યોગ માટે વધુ મુશ્કેલી ઊભી કરી શકે છે. મોટી સંખ્યામાં એમએસએમઈ ટેક્સટાઈલ ક્ષેત્ર સાથે જોડાયેલા હોવાથી તેની અસર રોજગાર અને નાના નિકાસકારો પર પણ પડી શકે છે. ભારત-અમેરિકા વેપાર વાટાઘાટોમાં પણ આ મુદ્દો વધુ જટિલતા લાવી શકે છે. ભારત માટે અમેરિકન બજાર મહત્વપૂર્ણ છે, પરંતુ ઊર્જા સુરક્ષા પણ એટલી જ જરૂરી છે. ભારતે કોઈ એક દેશના દબાણ હેઠળ પોતાના લાંબા ગાળાના ઊર્જા હિતોને અવગણવા ન જોઈએ. સાથે જ, અમેરિકન વેપાર સંબંધોમાં અચાનક તણાવ વધે નહીં તે માટે રાજદ્વારી અને આર્થિક વાટાઘાટો ચાલુ રાખવી જરૂરી બની શકે છે. ચીન પણ રશિયન ઊર્જાનો મોટો ખરીદદાર છે. જો અમેરિકા ભારત અને ચીન બંને પર દબાણ વધારશે, તો વૈશ્વિક વેપારમાં નવા તણાવ ઊભા થઈ શકે છે. ઊર્જા પુરવઠાના સ્ત્રોતોમાં ફેરફાર થવાથી આંતરરાષ્ટ્રીય તેલ બજાર, શિપિંગ ખર્ચ અને સપ્લાય ચેઈન પર અસર થઈ શકે છે.

જો મોટા દેશો એકબીજા સામે વેપારી પ્રતિબંધો અને જકાતનો ઉપયોગ વધારશે, તો વિશ્વ અર્થવ્યવસ્થામાં અનિશ્ચિતતા વધી શકે છે. આ પરિસ્થિતિ ભારત માટે ઊર્જા નીતિમાં લાંબા ગાળાના સુધારાની જરૂરિયાત પણ દર્શાવે છે. ભારતે વિવિધ દેશોમાંથી તેલ મેળવવાની ક્ષમતા વધારવી, વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડાર મજબૂત કરવો, નવીનીકરણીય ઊર્જામાં રોકાણ કરવું અને ઈલેક્ટ્રિક વાહનો તથા વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવું જોઈએ. જોકે, ઊર્જા પરિવર્તન ધીમે ધીમે થાય છે. તેથી, નજીકના ભવિષ્યમાં ક્રૂડ તેલની આયાતનું મહત્વ યથાવત્ રહેવાની શક્યતા છે.

અંતે, અમેરિકાની નવી જકાત સત્તા ભારત માટે માત્ર વેપારી પડકાર નથી. તે ઊર્જા સુરક્ષા, મોંઘવારી, રૂપિયાની સ્થિરતા, નિકાસ, રોજગાર અને વિદેશ નીતિ સાથે જોડાયેલો વ્યાપક આર્થિક પ્રશ્ન છે. ભારતે રશિયા, અમેરિકા અને અન્ય ઊર્જા ઉત્પાદક દેશો સાથે સંતુલિત સંબંધો જાળવીને પોતાના રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા આપવી પડશે. ઊર્જા પુરવઠાની વિવિધતા, નિકાસ બજારોનું વિસ્તરણ અને વ્યૂહાત્મક સ્વતંત્રતા–આ ત્રણેય બાબતો ભારતની આર્થિક સુરક્ષા માટે મહત્વપૂર્ણ બનશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ડૉક્ટર પણ નકલી!

અત્ર, તત્ર, સર્વત્ર નકલીપણાનો વાયરો ફૂંકાયો છે. પનીર, ઘી, તેલ, ભેળસેળયુક્ત ખોરાક, નકલી દૂધ, નકલી ઈન્સ્પેક્ટર, નકલી ઈન્સ્પેક્ટર અને હવે નકલી ડોક્ટર! ગુરુવાર, 17મી સપ્ટેમ્બરના 'ગુજરાતમિત્ર' દૈનિકનો અહેવાલ વાંચી દુઃખદ આશ્ચર્ય થયું! પ્રજાની જિંદગી સાથે અમાનવીય ખિલવાડ? અને 19 વર્ષની વયે કોણ ડોક્ટર બની શકે એ યક્ષપ્રશ્ન છે! એક માસ પહેલાં એક કિશોરનું આવા અણઘડ ડોક્ટરની સારવારથી મૃત્યુ પણ થયું! બાર ધોરણ પાસ ડોક્ટર બની બેસે! ઔદ્યોગિક વિસ્તારમાં રહેતા ભોળા શ્રમિકોને ડિગ્રી ચેક કરવાનો ખ્યાલ ક્યાંથી હોય? અમુક તાવની, ડાયેરિયાની, ઉધરસ, શરદીની દવાઓનાં નામ બોગસ તબીબોને ખબર હશે એટલે શ્રમિકોની જિંદગી સાથે રમત કરતાં હશે, જે અત્યંત ઘૃણાસ્પદ અને ચિંતાજનક ઘટના કહેવાય. શિક્ષિત વ્યક્તિ તબીબને પૂછ્યા વિના દવા લે જ નહીં. વર્તમાન સમયમાં શું બધું જ નકલી સ્વીકારીને જીવવાનું છે? આ ઘટનાની અત્યારે ખબર પડી, પણ કેટલાય સમયથી આ નિંદનીય ઘટના કાર્યરત હશે? અન્ય સ્થળોએ પણ તપાસ જરૂરી, જેથી નિર્દોષ પ્રજા બોગસ તબીબોની ભોગ ન બને.

સુરત - નેહા શાહ

બી.એડ. ઘર બેઠા થવાય? ન થવાય...

હાલમાં જ આપણે શિક્ષક દિવસની ભવ્ય ઉજવણી કરીને પુનઃ સમાજમાં શિક્ષકોના મહત્ત્વને પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો. સમાજમાં શિક્ષકના સ્થાન અને ભૂમિકા વિશે અનેક લેખકો અને ચિંતકોએ ખૂબ મોટી-મોટી વાતો કરી છે ત્યારે આવી ઉજવણીને યોગ્ય જ કહી શકાય. જેવાં શિક્ષકો હશે એવો સમાજ હશે એવું કહેવાયું છે, એ સર્વાંશે યથાર્થ છે. આવી સ્થિતિમાં ભાવિ શિક્ષકોને ઘડવાનું કાર્ય કરતી બી.એડ. (અને પી.ટી.સી. કે એમ.એડ.) કૉલેજોની જવાબદારી ખૂબ વધી જાય છે. પરંતુ હાલમાં કેટલીક બી.એડ. કૉલેજો દ્વારા ઘર બેઠા બી.એડ. કરાવવાની વ્યવસ્થા કરવામાં આવતી હોવાનું જાણવા મળે છે અને એ જગજાહેર પણ છે, જે સદંતર ખોટું અને અયોગ્ય છે. વાસ્તવમાં બી.એડ. એ ફુલટાઈમ રેગ્યુલર કોર્સ છે. ઘર બેઠા કે અન્ય કોઈ નોકરી કે વ્યવસાય સાથે બી.એડ. કરાવવાની જે જાહેરાતો કરવામાં આવે છે એ સમાજ સાથેનો દ્રોહ છે. સમાજ સાથે આવો દ્રોહ ન થાય એ માટે સૌએ પોતાની કક્ષાએથી કાળજી રાખવી જ રહી.

નવસારી - ઈન્તેખાબ અનસારી

બ્રિક્સ સમીટ-૨૦૨૬

૨૦૦૬માં બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા અને ચાઈના મળીને બનાવેલા સંગઠનને બ્રીક (BRIC) તરીકે ઓળખવામાં આવતું હતું. ૨૦૦૯માં રશિયાના યેકાતરીનબર્ગમાં પ્રથમ બ્રીક સમીટ યોજાઈ અને ૨૦૧૦માં સાઉથ આફ્રિકા જોડાતા તેનું નામ બ્રિક્સ (BRICS) થયું. ત્યારબાદ નવા દેશો જોડાતા આજે તેમાં ૧૧ દેશો છે. દિલ્હીમાં યોજાયેલી બે દિવસીય સમીટમાં સભ્ય દેશોએ આર્થિક, નાણાકીય અને સુરક્ષા સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. રશિયા અને ચીને અમેરિકન ડોલર પરનું અવલંબન ઘટાડીને પરસ્પર સ્થાનિક કરન્સીમાં વેપાર વધારવા ભાર મૂક્યો, પરંતુ આ મુદ્દે સહમતી થઈ શકી નહીં. ઈરાન-ઈઝરાયેલ સંઘર્ષ, અમેરિકન પ્રતિબંધો તથા યુરોપ-અમેરિકા સાથેના સંબંધો અંગે પણ મતભેદ રહ્યા. સભ્ય દેશોના અલગ-અલગ રાજકીય અને આર્થિક હિતોને કારણે અનેક મુદ્દાઓ પર એકમત થવું મુશ્કેલ બન્યું. વેપાર, રોકાણ, વિકાસ અને પરસ્પર સહકાર વધારવા અંગે પણ ચર્ચા થઈ. વિશ્વની મોટી વસ્તી અને અર્થતંત્રનો હિસ્સો ધરાવતા આ સંગઠનના નિર્ણયોની વૈશ્વિક અર્થતંત્ર અને આંતરરાષ્ટ્રીય વેપાર પર પણ અસર પડી શકે છે. જોકે લાંબી ચર્ચા બાદ દિલ્હી ડેકલેરેશન પર સહમતી બની અને ૨૦૨૭ની સમીટ ચીનમાં યોજાશે તેવી જાહેરાત સાથે સમીટનું સમાપન થયું. મેળાવડો મોટો થયો, પરંતુ નોંધપાત્ર પરિણામ ઓછું રહ્યું.

સુરત - હિતેન્દ્ર ભટ્ટ

વિચાર ચોરી !

વિશ્વભરમાં ઠેકઠેકાણે ઘણી બધી કહી શકાય એવી અઢળક બાબતોના સારા-નઠારા, સુખદ-દુઃખદ ઘટનાક્રમોને સમયચક્ર એના સાક્ષીભાવે ક્યાંકને ક્યાંક સમાવીને, સાચવીને બેઠું હોય છે. કેટલીક વખત એવા સમાચારો છપાઈ જાય છે, તો ક્યારેક એવી બાબતો છૂપાઈ જતી હોય છે. જગતભરના જ્ઞાનીઓ, વૈજ્ઞાનિકો, સમાજચિંતકો, અલ્પમતિયા, સાક્ષરો, બહુશિક્ષિતમાત્રો, કવિઓ, સાહિત્યસર્જકો, સાહિત્યકારો, નવલકથાકારો અને કંઈક કેટલાય હૃદયભગ્નો, સમાનાર્થી જીવન જીવનારાઓની હારમાળા વચ્ચે ઘણી વખત એક જ વાતને એમના પોતીકા શબ્દો અને અર્થો સાથે જુદાં જુદાં ઘટનાક્રમમાં ગ્રંથસ્થ કરી, ક્યાંક ને ક્યાંક રચયિતા તરીકે રજૂઆત કરવામાં હરખાતા હોય છે. જો કે, આવા પ્રકારનાં લઘુલેખો હોય કે નવલકથા, વાર્તા, કવિતા કે શેરો-શાયરીનાં મુક્તકો જાહેર મંચેથી વાંચી સંભળાવ્યા હોય કે પોતાની આગવી વાક્છટાથી પ્રસ્તુતિ કરવામાં આવે છે, ત્યારે કાગડાની હંસચાલ છતી થયા વિના રહેતી નથી. અન્યોની રચના પોતાના નામે ચઢાવવી એ હવે આજના સોશિયલ મીડિયાના માધ્યમોથી હાથવગું બન્યું છે. આખેઆખા લેખોની ઉઠાંતરી કરીને ફૂલણજી કાગ પેઠે હાસ્યાસ્પદ બની જતા હોય એવા કહેવાતા સંશોધકો ભલે મનમાં પરણીને મનમાં જ રંડાપોનો અનુભવ કરી લેતા હોય, છતાં ડંફાસ મારવાનું ચૂકતા નથી એ પણ આજના પ્રવર્તમાન યુગમાં એટલું જાણીતું બન્યું છે. વિચારચોરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો રહે છે, એવું નથી લાગતું?

સુરત - પંકજ મહેતા

સફાઈ કામદારોની ઓળખ છુપાવવાની જરૂર શા માટે?

કેટલાક સફાઈ કામદારોને દીવા પ્રગટાવવાના કાર્યક્રમોમાં હાજર રહેવા માટે તેમની નિયમિત સફાઈ કામગીરીમાંથી દૂર રાખવામાં આવ્યા હોવાના આક્ષેપો સામે આવ્યા છે. વધુ ગંભીર આક્ષેપ એવો પણ છે કે કેટલાક સફાઈ કામદારોને યુનિફોર્મ વિના કાર્યક્રમમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી હતી, જેથી તેમની ઓળખ સફાઈ કામદાર તરીકે ન થાય. જો આ આક્ષેપોમાં તથ્ય હોય, તો તેની નિષ્પક્ષ અને પારદર્શક તપાસ થવી જરૂરી છે. જાહેર સેવા સાથે જોડાયેલા કર્મચારીઓ અંગેના આવા કોઈપણ નિર્ણયની જવાબદારી અને કારણો સ્પષ્ટ થવા જોઈએ.જે સફાઈ કામદારો રોજ પોતાના પરિશ્રમથી સુરતની ગલીઓ, રસ્તાઓ અને જાહેર વિસ્તારોને સ્વચ્છ રાખે છે, તેમની ઓળખ છુપાવવાની જરૂર શા માટે પડે? સફાઈ કામદાર હોવું કોઈ શરમની બાબત નથી; શહેરને સ્વચ્છ રાખવાનું કાર્ય ગૌરવપૂર્ણ જાહેર સેવા છે. દીવા પ્રગટાવવાથી ઉજવણીની તસવીરો ચોક્કસ સુંદર બની શકે, પરંતુ શહેરની સ્વચ્છતા જાળવવાનું મૂળ કામ કોઈપણ સંજોગોમાં અટકવું ન જોઈએ. સફાઈ કામદારોને માત્ર કોઈ કાર્યક્રમની ભીડનો ભાગ નહીં, પરંતુ સુરત શહેરની સ્વચ્છતા વ્યવસ્થાના મહત્વપૂર્ણ અને ગૌરવપૂર્ણ કર્મચારી તરીકે સન્માન, સુરક્ષા અને અધિકાર મળવા જોઈએ.

સુરત - આશિષ ટેલર

ગણેશ મહોત્સવ અને વોઈસનું ન્યુસન્સ!

ગણેશ ઉત્સવ આ વખતે ૧૦ દીવસ નહી પરંતુ ૧૨ દીવસનો છે. ખુબજ સારી બાબત છે કે ગણપતીનું આગમન ખુબજ ધામધુમ અને ઉત્સાહથી થાય છે પરંતુ પ્રશ્ન એ છે કે ગણપતીના મંડપમા સ્થાપના કર્યા પછી આરતીના સ્થળે ઢોલ-નગારા અને વાજીંત્રો વગાડવામાં આવે તે યોગ્ય અને સ્વીકાર્ય છે. પરંતુ કેટલાક મંડપોમા નાના બાળકો સવારથી સાંજ સુધી ગમે તે સમયે ઢોલ-નગારા વગાડતા હોય છે જેના વિપરીત પરીણામ હેઠળ બીમાર વ્યક્તિઓ, વરિષ્ઠ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે ખુબજ ત્રાસજનક બાબત બની રહે છે જેની સીધી ફરીયાદ બાળકોના વાલીને કરવામા આવે તો લડાઇ-ઝઘડા થવાની સંભાવના રહે છે, વાલીઓ તેમના બાળકોને યોગ્ય માર્ગદર્શન આપીને સંભાળવા જોઇએ.

સુરત -રાજુ રાવલ

કાચબાની વાત

એક સ્પેનિશ કહેવત છે 'ધીમે ચાલનાર પણ પહોંચે છે' તેની વાત આપની કાચબા સસલાની બાળ વાર્તાની યાદ અપાવે છે.

એક જંગલમાં એક પહોળી નદી હતી. નદી પાર કર્યા વગર કોઈ પણ પ્રાણી બીજી તરફના લીલા મેદાન સુધી પહોંચી શકતું નહોતું. એક દિવસ હરણ, સસલું અને કાચબાએ નદી પાર કરવાની યોજના બનાવી.

સસલું બોલ્યું, 'હું સૌથી ઝડપથી પહોંચી જઈશ.'

હરણ બોલ્યું, 'મારી પાસે લાંબા પગ છે. મને કોણ રોકશે?'

કાચબાએ શાંતિથી કહ્યું, 'હું ધીમો છું, પણ હું રસ્તો ભૂલતો નથી. રસ્તો યાદ રાખી ધીમે ધીમે પહોંચી જઈશ.'

ત્રણેય નીકળ્યા. સસલું ઝડપથી આગળ ગયું, તેને નદીના કિનારે કિનારે દોડીને સામે પહોંચવાનું નક્કી કર્યું આગળ રસ્તામાં તેને બે ફાંટા દેખાયા. તેણે વિચાર્યું, 'ડાબો રસ્તો ટૂંકો લાગે છે.'ઝડપથી પહોંચવાની લાલચમાં તે ડાબે વળી ગયું અને થોડીવારમાં નદીની કિનારો દેખાતો બંધ થયો અને રસ્તો આગળ હતો જ નહિ તે પાછુંવળ્યું.

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

હરણ નદી પાસે પહોંચ્યું. તેણે વિચાર્યું મારે ક્યાં કિનારે કિનારે ચાલવાની જરૂર છે અમારા તો આટલા લાંબા પગ છે એક જ છલાંગમાં સામે કાંઠે પહોંચી જઈશ. આમ વિચારી હરણે લાંબી છલાંગ લગાવી, પરંતુ સામેનો કિનારો ભીનો અને ચીકણો હતો. તે લપસી ગયું અને પાછું પાણીમાં પડ્યું અને પાછું વળ્યું.

કાચબો ધીમે ધીમે આગળ વધતો રહ્યો. તેણે નદીના કિનારે પડેલા જૂના લાકડાં જોયાં. એક પછી એક લાકડાં ગોઠવી તેણે પુલ બનાવવાનું નક્કી કર્યું. સસલું પાછું આવ્યું. હરણ પણ પાછું આવ્યું. તેઓએ જોયું કે કાચબો હજુ ધીમે ધીમે પોતે બનાવેલા પુલ પર આગળ વધવાની શરૂઆત કરી રહ્યો હતો.

'તું તો સૌથી ધીમો છે છતાં હજી હાર નથી માની આગળ વધી રહ્યો છે.'સસલાએ કહ્યું.

કાચબાએ જવાબ આપ્યો, 'હા. હું ધીમે ધીમે વિચારીને આગળ વધીશ... મેં ઝડપને મારું લક્ષ્ય બનાવ્યું જ નહોતું. મારું લક્ષ્ય હતું આગળ વધવું... મેં માત્ર મારો વિચાર નથી કર્યો બધા નદી પાર કરી શકે તે માટે પુલ બનાવ્યો છે'

ત્રણેયે કાચબાના બનાવેલા નાના પુલ પરથી નદી પાર કરી.

તે દિવસથી જંગલમાં નવી કહેવત બની:

'ઝડપથી પહોંચનારને રસ્તો મળી શકે; સતત ચાલનાર પોતાનો રસ્તો બનાવી શકે.'

જીવનમાં બીજા કરતાં ઝડપથી પહોંચવું જરૂરી નથી. અટક્યા વગર આગળ વધવું અને અન્યને પણ મદદરૂપ થવું વધુ મહત્વનું છે.

નદી ક્યા વિસ્તારની? ઉપરવાસની? કે નીચાણવાળા વિસ્તારની?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

એક રાજ્યમાં બેઠેલા અધિકારીઓ માત્ર પોતાના જ રાજ્યના હિતને ધ્યાનમાં રાખીને કશો નિર્ણય લે એ લાંબા ગાળાનો ઉકેલ નથી

કોઈ પણ નદીમાં પૂર આવે એટલે પહેલો સવાલ આપણને એ થાય કે આટલો વરસાદ ક્યાં પડ્યો? પણ બિહારમાં આવેલા તાજેતરના પૂર વિશે જાણીએ ત્યારે જે જવાબ મળે એ થોડો વિચિત્ર છે. બિહારમાં આ વર્ષે સામાન્ય કરતાં 27 ટકા ઓછો વરસાદ પડ્યો હતો. છતાં અનેક વિસ્તારોમાં પૂર આવ્યું. ગંગા, ગંડક, કોસી, બુઢી ગંડક, પુનપુન અને ઘાઘરા જેવી નદીઓનાં વહેણ વિવિધ વિસ્તારોમાં ભયજનક સપાટીથી ઉપર વહેતાં રહ્યાં. વરસાદ ન હોવા છતાં આવી સ્થિતિ શી રીતે સર્જાઈ? આ સવાલનો જવાબ માત્ર વરસાદના પ્રમાણ સાથે સંકળાયેલો નથી. નદીમાં પાણી ક્યાંથી આવ્યું, ઉપરવાસમાં કેટલો વરસાદ પડ્યો, નદીમાં કેટલો કાંપ જમા થયો, તેની પાણી વહન કરવાની ક્ષમતા કેટલી રહી, બંધ અને બેરેજમાંથી ક્યારે કેટલું પાણી છોડાયું અને નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલની સ્થિતિ કેવી છે- વગેરે અનેક પરિબળો તેના માટે જવાબદાર હોય છે, જે એકમેક સાથે સંકળાયેલાં છે.

મુદ્દાની વાત એટલી કે નદીનો પ્રશ્ન તેના કોઈ એક જગ્યાએ વહેતા વહેણનો પ્રશ્ન નથી. એ હકીકત આપણે સૌ જાણીએ છીએ, છતાં અવગણીએ છીએ કે નદી નકશા પર દોરેલી સરહદો મુજબ વહેતી નથી. ગુજરાત, મહારાષ્ટ્ર, બિહાર કે ઉત્તર પ્રદેશ જેવી સરહદો આપણે બનાવેલી છે. નદી માટે એ સરહદોનું કોઈ અસ્તિત્વ નથી. ઉપરવાસમાં લેવાયેલો નિર્ણય નીચાણમાં રહેતા લોકોને અસર કરે છે. જળવ્યવસ્થાપન બાબતે બને છે એવું કે નદીને આપણે સમગ્રતામાં જોવાને બદલે તેને રાજ્ય, જિલ્લા અને તાલુકાના ટુકડામાં વહેંચીને જોતા રહ્યા છીએ. પૂર આવે ત્યારે બંધની ઊંચાઈ વધારવાની વાત થાય છે. પાળા મજબૂત કરવાની વાત થાય છે. પરંતુ નદીમાં વર્ષોથી જમા થતા રહેલા કાંપનું શું? નદીના કુદરતી પૂરવિસ્તારો (ફ્લડપ્લેઈન) માં થયેલા બાંધકામનું શું? પાણીના કુદરતી નિકાલના રસ્તા બંધ થઈ ગયા છે, તેનું શું? નદીમાં પાણી આવે ત્યારે તેને રોકવું એ જ પૂર સામે સુરક્ષાની એકમાત્ર રીત નથી.

એટલું સમજી લેવું જરૂરી છે કે નદીમાં કાંપ જમા થતો જાય એમ તેની પાણી વહન કરવાની ક્ષમતા ઘટે છે. નદીમાં પાણી માટે પૂરતી જગ્યા ન રહે, તો થોડું વધારે પાણી પણ સમસ્યા ઊભી કરી શકે. અને નદીનું વહેણ જ્યાં કુદરતી રીતે વિસ્તરી શકતું હતું ત્યાં આપણે ઘર, રસ્તા કે અન્ય બાંધકામ ઊભાં કરી દીધાં હોય તો પાણી પોતાનો રસ્તો શોધી જ લેશે. આમ થાય ત્યારે આપણે કહીએ છીએ કે નદીએ તબાહી મચાવી. એક તો આપણે નદીના વહેણને અવરોધવા લાગ્યા અને પછી દોષ નદીને દઈએ એ કેમ ચાલે? મુદ્દો એ નથી કે બંધ બાંધવા ન જોઈએ. બંધોએ અનેક વિસ્તારોને પૂરની અસરથી બચાવ્યા છે. એટલે મૂળભૂત સવાલ બંધનો નહીં, પણ નદીને નિયંત્રિત કરવાની આપણી માનસિકતાનો છે. આપણે કદી વિચાર્યું ખરું કે પૂર સાથે જીવવાની પણ એક રીત હોઈ શકે? નદીના પૂરવિસ્તારોને ખુલ્લા રાખવા, કુદરતી જળાશયો અને ભેજવાળા વિસ્તારોને બચાવવા, પાણીના નિકાલના રસ્તા રાખવા અને બાંધકામનું આયોજન નદીની તાસીરને ધ્યાનમાં રાખીને કરવું-આ બધું પૂર વ્યવસ્થાપનનો જ ભાગ છે. એટલે પૂર નિયંત્રણને બદલે પૂર વ્યવસ્થાપનની જરૂર છે. પણ એમ કરવા માટે નદીના સમગ્ર જળવિસ્તાર (બેસિન)ને પૃથક નહીં, એક એકમ તરીકે જોવું પડે. એક રાજ્યમાં બેઠેલા અધિકારીઓ માત્ર પોતાના જ રાજ્યના હિતને ધ્યાનમાં રાખીને કશો નિર્ણય લે એ લાંબા ગાળાનો ઉકેલ નથી. ઉપરવાસમાં કેટલો વરસાદ પડ્યો? નદીમાં પાણી કેટલું વધી રહ્યું છે? જળાશયોમાં કેટલી જગ્યા બાકી છે? ક્યાં પાણી છોડવાનું છે? નીચાણના વિસ્તારોમાં તેની શું અસર થશે? આ સવાલોના જવાબો એકબીજા સાથે જોડાયેલા હોવાથી તેની માહિતી પણ એકબીજા સાથે વહેંચવી જોઈએ.

પૂરની આગાહી સમયસર ગામડાં સુધી પહોંચે, લોકો સલામત સ્થળે ખસી શકે, જળાશયોનું સંચાલન આગોતરું થઈ શકે અને રાજ્યો વચ્ચે પાણીના પ્રવાહ અંગે પારદર્શક માહિતીની આપ-લે થાય તો નુકસાન ઘણું ઘટાડી શકાય. અલબત્ત, આ બધું સાંભળવામાં આદર્શવાદી લાગે. પણ એ વિચારવાનું છે કે દર વર્ષે પૂર પછી રાહત, પુનર્વસન અને વળતર પાછળ થતો ખર્ચ કેટલો હોય છે! તેના કરતાં આપત્તિ પહેલાં તેના નિવારણ માટે ખર્ચ કરવો વધુ સમજદારીભર્યો ન ગણાય? અને આ વાત માત્ર બિહાર પૂરતી મર્યાદિત નથી. ગુજરાતમાં નર્મદા, તાપી અને મહી જેવી નદીઓ છે. એક જગ્યાએ પાણી રોકાય, છોડાય કે તેનો પ્રવાહ બદલાય તો તેની અસર બીજી જગ્યાએ પડે છે. નદીના પ્રશ્નને માત્ર આપણા ગામ કે રાજ્યની સીમામાં બંધ કરી શકાય નહીં. હવે તો જળવાયુ પરિવર્તનને લઈને વરસાદની રીત બદલાઈ રહી છે. ક્યાંક ઓછો, તો ટૂંકા ગાળામાં ભારે વરસાદ પડે છે. એક તરફ પૂરનું જોખમ છે, બીજી તરફ પાણીની અછતનું. એટલે જૂની જળવ્યવસ્થામાં ફેરફાર કરતા રહીને થીંગડાં મારવાથી હવે નહીં ચાલે.

નદીને માત્ર પાણીની નહેર માનવાને બદલે, એક જીવંત પ્રણાલી તરીકે જોવાની જરૂર છે. તેમાં પાણી છે, કાંપ છે, પૂર છે, કિનારા છે, પૂરવિસ્તાર છે અને તેની આસપાસ જીવતું માનવજીવન છે. નદીને નાથવાની કોશિશ કરવાને બદલે તેની સાથે રહેવાની રીત શોધવી પડશે. નદીને જગ્યા આપવી પડશે. કુદરતી જળાશયો બચાવવાં પડશે. પાણીના રસ્તા ખુલ્લા રાખવા પડશે. અને સૌથી મહત્ત્વનું, નદીના આરંભથી છેક અંત સુધી તેને સમગ્રતામાં જોવી પડશે. નદી આપણને એક સાદી વાત સમજાવે છે. તે એ કે પાણીની કોઈ સરહદ હોતી નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.